# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૨૩૮ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૨/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી રામસીભાઈ જગમાલભાઈ બારડ ગામ – આછીદ્રા

સબડીવીઝન: ચોરવાડ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ

તારીખ: શનિવાર (૦૪.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪.૦૯.૨૦૨૧ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,

(૧) અમો આ કામના અરજદાર ઉપરોક્ત સરનામે રહીએ છીએ અને ખેતીકામ કરી અમારા પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ.

(૨) અમો અરજદારની સંયુક્ત માલિકીની અને કબ્જા ભોગવટાની ખેતીની જમીન જુનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના આછીદ્રા ગામે જમીન ખેડખાતા નં.૧૨૭ થી જમીન આવેલી છે જેમાં એમોએ ખેતીવાડી હેતુ માટેનું થ્રીફેઈઝ વિજ-કનેક્શન મેળવવા માટેની અરજી તા.૧૦/૧૦/૨૦૧૩ ના

રોજ કરેલી અને જેની ફી રૂ. ૨૦૦/- એમોએ પી.જી.વી.સી.એલ. કચેરી ખાતે ભરપાઈ કરેલી છે તેમજ કનેક્શન મંજુર થતાં એમોએ તા.૩૧/૦૧/૨૦૧૮ ના રોજ રૂ.૮૭૦૦/- ભરપાઈ કરેલ છે.

(૩) ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પેટા કચેરી ચોરવાડ દ્વારા વિજલાઈન નાખતાં બાજુના ખાતેદાર ખેડુતોએ વાંધો લેતાં સદરહુ કેસ નાયબ ક્લેક્ટર મેંદરડા સમક્ષ ચાલેલ અને કેસ પુર્ણ થતાં નામદાર નાયબ કલેક્ટરશ્રી મેંદરડા એ તા.૨૧/૦૪/૨૦૨૧ ના રોજ સદરહુ વિજકનેક્શન લગાડવા માટેનો હુકમ કરેલ છે.

(૪) મહે. નાયબ ક્લેક્ટર સાહેબશ્રીએ ૩ (ત્રણ) માસ અગાઉ સદરહુ વિજકનેકશન લગાડવા તથા લાઈન પસાર કરવાનો હુકમ કરેલો હોવા છતાં પી.જી.વી.સી.એલ. કચેરી ચોરવાડ દ્વારા આ કનેક્શન હજુ સુધી લગાડવામાં આવેલ નથી તેમજ આ બાબતે એમોએ વારંવાર રજુઆત કરવા છતાં પણ અમારી અરજીને ધ્યાને લીધેલ નથી જેથી આ અરજી કરવાનું કારણ ઉભું થ્યેલ છે.

(૫) જેથી અમારી અરજીની ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ અને અમારૂ સદરહુ વિજકનેક્શન વહેલીતકે પી.જી.સી.એલ. કંપની પેટા કચેરી ચોરવાડ દ્વારા નાખી દેવામાં આવે તેવી આપ સાહેબને નમ્ર અરજ છે.

(૬) સદરહુ વિજકનેક્શન લગાડવા દરમ્યાન કોઈ વાંધા,તકરાર ઉભા થશે અને પોલીસ પ્રોટેક્સન મેળવવાનું થાય તો તેમાં આવતા તમામ ખર્ચની જવાબદારી અમો અરજદારની રહેશે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 રામસીભાઈ જગમાલભાઈ બારડ ગામ-આછીદ્રા દ્વારા ખેતીવાડી નવા વીજજોડાણની માંગણી અન્વયે ખેતીવાડી નવું વીજજોડાણ આપવા માટેની રજૂઆત ઉપરોક્ત સંદર્ભવાળા પત્રથી ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર જૂનાગઢ મુકામે કરવામાં આવેલ જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

(૧) અરજદારનું નામ-રામસીભાઈ જગમાલભાઈ બારડ

(૨) ગામનું નામ-આછીદ્રા  તા- માળિયા હાટીના

(૩) પેટા વિભાગીય કચેરી- ચોરવાડ

(૪) વિભાગીય કચેરી-માંગરોળ

(૫) વર્તુળ કચેરી- પોરબંદર

(૬) અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી તારીખ-૧૦-૧૦-૨૦૧૩ સર્વે નંબર-૧૩/પી૧

(૭) જોડાણ નો હેતુ અને પ્રકાર- ખેતીવાડી નવું વીજ જોડાણ

(૮) અરજદારને આપવામાં આવેલ અંદાજપત્ર- તારીખ ૪/૦૧/૨૦૧૮

(૯) અરજદાર દ્વારા ભરપાઈ કરેલ અંદાજપત્ર તારીખ-30/૦૧/૨૦૧૮

(૧૦)અરજદાર દ્વારા કરેલ એગ્રીમેન્ટ તારીખ-30-૦૧-૨૦૧૮

(૧૧)લાઈન ઉભી કરવામાં વાંધો લેનારનું નામ-જેસાભાઈ પીઠાભાઈ સોલંકી ગામ-આછીદ્રા

(૧૨)ઉભી કરવાની થતી લાઈનની લંબાઈ-૨૫૦ મીટર ,૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર

3.1 સદર ખેતીવાડી નવા વીજ જોડાણના અંદાજપત્રકના નાણાં ભરપાઈ થયા બાદ ચોરવાડ પેટા વિભાગીય કચેરી હેઠળના લાઈન કોન્ટ્રાક્ટર સ્થળ પર લાઈન કામગીરી કરતાં બાજુના ખેડૂતો દ્વારા નવી વીજ લાઈન ઉભી કરવામાં સ્થળ પર અન્ય ખેડૂતો દ્વારા વાંધો લેવામાં આવેલ.

3.૨ આ વાંધાને અનુસંધાને ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબસ્સીએચડી/ટેક/૩૧૦૭ તા-૧૪-૬-૨૦૧૮ ના રોજ અરજદારને વાંધા બાબતે જાણ કરી વાંધાનુ નિરાકરણ કરી ચોરવાડ પેટા વિભાગીયને લેખિતમાં જાણ કરવા માટે અરજદારને નોટીસથી જાણ કરવામાં આવેલ અને વાંધાનુ નિરાકરણ ન થતાં ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર-સીએચડી/ટેક/આરઈ/૩૧૨૧ તા-૧૪-૦૬-૨૦૧૮ ના રોજ માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ-જૂનાગઢ સમક્ષ નવી વીજ લાઈન પસાર કરવા માટેની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ.

3.3 તા-૪-૭-૨૦૧૯ ના રોજ ફરી સ્થળ તપાસણી કરી વાંધેદાર શ્રી જેસાભાઈ પીઠાભાઈ સોલંકી સર્વે નંબર-૧૦પિ૨ ને સ્થળ પર સમજાવતા લાઈન પસાર કરવા માટે ઇનકાર કરતાં જરૂરી સ્થળ રોજકામ સાથે પૂર્તતા સાથે દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટસમક્ષ પત્ર નંબરસીએચડી/ટેક/આરઈ/૩૨૮૫ તા-૮-૭-૨૦૧૯ ના રોજ વીજ લાઈન પસાર કરવા માટે દરખાસ્ત પૂર્તતા સાથે મોકલવામાંઆવેલ અને વાંધેદાર શ્રી જેસાભાઈ પીઠાભાઈ સોલંકીને ઈન્ડીયન ટેલીગ્રાફ એક્ટ-૧૯૮૫ હેઠળ નોટીસ નંબર-સીએચડી/આરઈ/૩૨૯૨ તા-૮-૭-૨૦૧૯ થી આપવામાં આવેલ.

3.૪ સદર કેઈસ બાબતે માનનીય અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જૂનાગઢ દ્વારા અન્ય વૈકલ્પિક રૂટ તથા અન્ય જરૂરી માહિતી માંગતા આ દરખાસ્ત ફરી ચોરવાડ પેટા વિભાગીય કચેરીના પત્ર નંબર-સીએચડી/ટેક/એસ્ટ્રા/૪૬૩૧ તા-30-૯-૨૦૧૯ ના રોજ આ દરખાસ્ત રૂબરૂ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ-જૂનાગઢ સમક્ષ દાખલ કરવામાં આવેલ.આ દરખાસ્ત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ-જૂનાગઢ થી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ-મેંદરડા ટ્રાન્સફર થયેલ.

3.૫ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ-મેંદરડાની કોર્ટમાં આ કેઈસ ચાલતા માનનીય સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ-મેંદરડા દ્વારા આ દરખાસ્ત બાબતનો હુકમ તા-૨૧-૪-૨૦૨૧ના રોજ કરવામાં છે.આ હુકમ તા-૧૪-૭-૨૦૨૧ ના રોજ સબ ડીવીઝન મેજિસ્ટ્રેટની કચેરી રવાનગી ક્લાર્ક દ્વારા રજી.એડીથી પોસ્ટ મારફતે મોકલવામાં આવેલ છે.

3.૬ સદર હુકમ તા-૧૭-૭-૨૦૨૧ ના રોજ ચોરવાડ પેટા વિભાગીય કચેરીને મળેલ આ હુકમ મુજબ કામગીરી કરવાની થતી હોય પરંતુ આ સમયગાળા દરમિયાન તાઉતે વાવાઝોડા સબબ અમરેલી વર્તુળ કચેરી વિસ્તારમાં રેકટીફિકેશનની કામગીરી માટે અત્રેની કચેરીના કોન્ટ્રાક્ટર રોકાયેલ હોય અને જરૂરી પોલ તથા માલસામાન પણ આ રેકટીફિકેશનની કામગીરી સબબ જરૂરિયાત મુજબ ઉપલબ્ધ ન હોવાથી આ કામગીરી શરુ થઈ શકેલ નહી.

3.૭ વધુમાં તાજેતરમાં થયેલ વરસાદને કારણે પણ આ સ્થળ પર કામગીરી કરવી મુશ્કેલ છે.આ કારણોસર આ કામગીરી થઈ શકેલ નહી વધુમાં પોલ,મલસામાન ઉપલબ્ધ થયે સ્થળ પર કામગીરી કરવી શક્ય બનશે એટલે કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે જે અરજદાર શ્રી ની રજુઆત મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા એસ.ડી.એમ. ના હુકમ પ્રમાણે કનેક્શન આપવા માટે ની કાર્યવાહી કરી અત્રે ના ફોરમ હેઠળ જાણ કરવી.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯